સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

વિશ્વ સંવાદ કેન્દ્ર
૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com
Email : vskguj@gmail.com
Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૯૩ દિનાંક : ૧.૨.૨૦૧૯ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## અમેરિકાની ૨૦૨૦માં યોજાનાર પ્રમુખપદની ચૂંટણીમાં હિન્દુરાષ્ટ્રવાદી તરીકે ઊભરતા તુલસી ગબ્બાર્ડ

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ પદે ૨૦૨૦માં ચૂંટણી યોજાવાની છે. જેમાં હિન્દુ અમેરિકન તુલસી ગબ્બાર્ડ પણ ઉમેદવારી નોંધાવવાના છે. અમેરિકી રાજકારણમાં ડેમોક્રેટિક પક્ષમાં આ અમેરિકન હિન્દુ મહિલા પ્રથમ સાંસદ છે. તેમની જીવનશૈલી સંપૂર્ણ હિન્દુ પ્રણાલીની છે. અમેરિકામાં તેઓ તથા તેમના સમર્થકો ભારતના રાષ્ટ્રીય તહેવારો ઉજવે છે જેમાં હાલના અમેરિકી રાષ્ટ્રપ્રમુખ પણ હાજરી આપે છે, અને ભારતીયોને શુભેચ્છાઓ પાઠવે છે. હવે તુલસી ગબ્બાર્ડના વિરોધીઓ તેમના પર હિન્દુ રાષ્ટ્રવાદી હોવાના આક્ષેપો કરે છે. આ આક્ષેપનો પ્રત્યુતર આપતાં આ મહિલા સાંસદે ખુલાસો કર્યો છે કે અમેરિકામાં વિશ્વના અનેક દેશોમાંથી લોકો આવીને વસ્યા છે. શું કોઈ મુસ્લીમ, યહુદી, જાપાની કે સ્પેનિશ અથવા આફ્રીકન અમેરિકન આ સ્પર્ધામાં જોડાશે તો તેના ઉપર પણ આવા આક્ષેપો થશે ? જો અમેરિકા લોકશાહી રાષ્ટ્ર છે તો પછી તેના નાગરિકોની જીવનશૈલી પર વિરોધ કરવો કેટલો યોગ્ય છે ? આમ તુલસી ગબ્બાર્ડે પણ અમેરિકામાં હિન્દુ જીવનશૈલીનો પ્રચાર-પ્રસાર તથા તેના મહત્વને ઊજાગર કર્યાં છે.

## રામમંદિરના નિર્માણ માટે અયોધ્યામાં વિવાદ વગરની જમીન મૂળ માલિકોને સોંપવા કેન્દ્ર સરકારની સુપ્રીમમાં અરજી

અયોધ્યામાં ભવ્ય રામમંદિરના નિર્માણ માટે પડતર પ્રશ્નોના સમાધાન માટે કેન્દ્ર સરકારે નવી પહેલ કરી છે. રામમંદિરના નિર્માણ માટે સુપ્રીમ કોર્ટ પણ વિલંબ કરતી હોવાથી દેશના હિન્દુઓ તથા સાધુસંતોનો વિશ્વાસ વર્તમાન કેન્દ્ર સરકાર પરથી ઊઠી ન જાય તે હેતુથી પણ કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. અત્રે જાણીએ છીએ કે રામમંદિરની વિવાદવાળી ૨.૭૭ એકર સિવાયની ૬૭ એકર જમીન પર હિન્દુઓને માલિકી હક્ક છે. વિવાદવાળી ૨.૭૭ એકરમાં પણ ખરેખર વિવાદ નથી જેમાં માત્ર ૦.૩૧૩ એકરનો જ વિવાદ છે. કારણ કે ૨.૭૭ એકર જમીનના પણ ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે. જો સુપ્રિમકોર્ટ કેન્દ્રની અરજી ગ્રાહ્ય રાખશે તો ભવ્ય રામમંદિરના નિર્માણનો માર્ગ મોકળો બનશે.

## વિશ્વના અર્થશાસ્ત્રીઓ માટે આશ્ચર્યજનક કુંભમેળાનો આર્થિક વહિવટ-કુંભમેળાનું બજેટ રૂ. ૪૨૦૦૦ કરોડ

ભારતમાં યોજાતો કુંભમેળો વિશ્વનું સૌથી મોટું માનવ એકત્રિકરણ છે. દેશ-વિદેશમાંથી કરોડો શ્રદ્ધાળુઓ-પ્રવાસીઓ આ મેળામાં ઉમટે છે. આ કરોડો લોકોના સમૂહને સ્વચ્છ ભોજન, નિવાસ તથા પરિવહન પૂરાં પાડવા ઘણી જહેમત ઉત્તરપ્રદેશ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર ઉઠાવે છે. કુંભમેળામાં અતિ આધુનિક ટેન્ટની સુવિધા હોય છે. તેનું ભાડુ ૩૫ હજાર સુધીનું હોય છે. વર્તમાન પ્રયાગ કુંભમેળામાં પ્રથમ શાહી સ્નાન માટે આશરે ૨ કરોડ શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. વ્યક્તિદીઠ રૂ. ૧૦૦૦નું ખર્ચ થયું હોય છે તેથી પ્રથમ શાહી સ્નાનનું બજેટ જ રૂ. બે હજાર કરોડ નોંધાયું છે. કુંભમેળામાં સ્વાસ્થ્ય અને સંરક્ષણ માટે ડૉક્ટર્સ તથા સૈનિકો-સંરક્ષણદળની વ્યવસ્થા હોય છે. આ માટે પણ બજેટમાં કરોડોની રકમ ફાળવવામાં આવે છે. કુંભમેળામાં આશરે છ લાખથી પણ વધુ માનવશક્તિને રોજગારી મળે છે. યુ.

પી. સરકારને પણ ૧.૨ લાખ કરોડ રૂ.ની મહેસૂલી આવક પણ થાય છે. હાવર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓ પણ કુંભમેળાના આર્થિક વહિવટ અને તેની વ્યવસ્થા માટે આશ્ચર્યચકિત થયા છે. વિશ્વમાં સૌથી મોંઘુ તીર્થ આયોજન દેશ-વિદેશના અર્થશાસ્ત્રીઓ માટે અભ્યાસનું કેન્દ્ર બન્યું છે.

## ૨૦૧૮-૧૯ વર્ષના બજેટસત્રમાં રાષ્ટ્રપતિનું અભિભાષણ-કેટલાક અંશો

૨૦૧૮-૧૯ વર્ષના બજેટસત્રમાં રાષ્ટ્રપતિએ દેશવાસીઓને ભારતના વિકાસકાર્યોની સરાહના કરતું અભિભાષણ આપ્યું છે. વર્તમાન કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ તથા રાષ્ટ્રના વિકાસની દિશા અંગે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રજોગ અભિભાષણ આપ્યું હતું. તેમણે જણાવ્યું કે આયુષ્યમાન યોજના વિશ્વની સૌથી શ્રેષ્ઠ સ્વાસ્થ્ય યોજના છે. દેસમાં ૧૩ કરોડ ગેસ કનેક્શન આપ્યા છે. ૯ કરોડ શૌચાલયોનું નિર્માણ કર્યું છે. ૨ ઑક્ટોબર સુધીમાં સંપૂર્ણદેશને સ્વચ્છ બનાવવાની સંકલ્પના છે. દિવ્યાંગજનો માટે ૩૦૦૦ શબ્દ ડીક્શનેરી બનાવી છે. ભવિષ્યમાં બીજી ૩૦૦૦ શબ્દોનો ઉમેરો થશે. દેશના ૨૧ કરોડ લોકોને વિમા કવચ અપાયું છે. દેશમાં ૬૦૦થી પણ વધુ જન ઔષધકેન્દ્રોનું નિર્માણ થયું છે. જેમાંથી સામાન્ય નાગરિકને સસ્તી અને ગુણવત્તાયુક્ત ઓષધો મળશે. ભારત વિશ્વનો સૌથી વધુ યુવાદેશ છે. તેમના કૌશલ્યો તથા રોજગારી માટે પણ આયોજન છે. ૩૪ કરોડથી પણ વધુ જન-ધન ખાતા ખોલાવી લોકોને દેશની બેંકીંગ વ્યવસ્થામાં જોડ્યા છે. નોટબંધીથી દેશનું કાળું નાણું દેશની બેંકોમાં જમા થવાથી અર્થવ્યવસ્થામાં જોડાયું છે. નવા ઉદ્યોગ સાહસ માટે સ્ટાર્ટઅપથી દુનિયામાં દેશનું નામ વધ્યું છે. ડિજીટલ ઇન્ડિયામાં દેશના ગામડાઓને તથા વહિવટને ઇ-ગવર્નન્સથી જોડાયેલ છે. તેમણે વધુમાં સંરક્ષણ, શિક્ષણ, સ્વાસ્થ્ય તથા વાહનવ્યવહાર, પરિવહન, દૂરસંચાર તથા રેવન્યુ વિભાગમાં દેશની વિકાસ યોજનાઓની પણ તેમણે છણાવટ કરી હતી. દેશના વૈજ્ઞાનિકોના વિવિધક્ષેત્રના સંશોધનો અંગે પણ જણાવ્યું હતું. ખેડૂતો તથા વિવિધ વ્યવસાયોની સહાયની યોજનાઓ પણ જણાવી હતી.

## પ્રજાસત્તાક દિને દેશની ત્રણ મહિલાઓને પદ્મશ્રી

દેશમાં દાયકાઓ સુધી સંઘર્ષ કરીને સેવાકીય સમાજસેવા માટે દેશની ત્રણ મહિલાઓનું પ્રજાસત્તાકદિને પદ્મશ્રીથી સન્માન થયું છે. બિહારની રાજકુમારી દેવી (કિસાન ચાચી)એ અથાણું બનાવીને દેશ-વિદેશમાં તેના વ્યાપારના દ્વાર ખોલ્યા છે. તેમણે આ ઉદ્યોગથી મહિલાઓને રોજગારી અપાવી છે. તેમણે બનાવેલા અથાણાં તથા મુરબ્બા બહુ જ સ્વાદિષ્ટ હોવાથી વિદેશમાં પણ તેની માગ વધી છે. ગુજરાતના મુક્તાબેન ડગલી (દીદી)ને પણ આ એવોર્ડ અપાયો છે. તેઓ નાનપણથી પ્રજ્ઞાચક્ષુ છે. તેમણે ૨૦૦થી પણ વધુ અંધ કન્યાઓના લગ્ન કરાવ્યા છે. તેઓ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સંસ્થાના વડા છે. તેમને ૨૦૦૧માં માતા જીજાબાઈ સ્ત્રીશક્તિ પુરસ્કાર પણ મળ્યો છે. વર્ષ ૨૦૧૧માં ધરતીરત્ન એવોર્ડ સહિત ૫૦થી વધુ એવોર્ડ મળ્યા છે. આ પદ્મશ્રી એવોર્ડ જર્મનની પેડરિક ઈરીના બ્રૂનિંગ (સુદેવી માતાજી)ને મળ્યો છે. જર્મનીના નાગરિક ૬૧ વર્ષના આ સશક્ત સેવાભાવિ મહિલા હાલમાં વ્રજમાં સ્થીર થયા છે. તેઓ વિશ્વભ્રમણ માટે થાઈલેન્ડ, સિંગાપુર તથા નેપાળ જેવા દેશોનો પ્રવાસ કરી ચૂક્યા છે. પરંતુ જ્યારે તેઓ ભારતમાં વ્રજભૂમિમાં વિચરણ કરતા હતા ત્યારે ત્યાં રખડતી ગાયો જોઈ તેમનું સેવાકીય જીવન પ્રગટ થયું. તેમણે ગાયોની સેવા માટે જીવનને સમર્પિત કર્યું છે. તેમણે એક ગૌશાળા ખોલી છે. તેમના વ્રજના નિવાસ દરમિયાનના ૪૧ વર્ષના સમયગાળામાં લાખો ગાયોનું લાલન-પાલન કર્યું છે. હમણાં તેમની પાસે ૧૨૦૦ ગાયો છે જે દૂધ આપતી નથી. લોકો ઘાયલ તથા બિમાર ગાયોને આ આશ્રમમાં મૂકી જાય છે. જેમની સેવા ફ્રેડરિક કરે છે તેથી આ મહિલા સુદેવી માતાજીથી પણ ઓળખાય છે. લોકો તેમને સેવાની દેવી માને છે. તે દર મહિને ૨૮ લાખના ખર્ચથી ગાયોની સેવા કરે છે. લોકોના દાનમાંથી તથા પોતાની પૈતૃક સંપત્તિમાંથી ગાયોની સેવા કરે છે.

## ભારતીય રાજકારણના મહારથી સેવાભાવી-રાષ્ટ્રભક્ત સાંસદ જ્યોર્જ ફર્નાન્ડિસની ચિરવિદાય

ભારતીય રાજકારણમાં ૧૯૬૭થી ૨૦૦૪ સુધીમાં ૯ વખત સાંસદ રહેલા જ્યોર્જ ફર્નાન્ડિસ ૮૮ વર્ષની વયે અવસાન પામ્યા છે. છેલ્લા ઘણા સમયથી તેઓ અલ્ઝાઈમર અને પાર્કિન્સન જેવી જીવલેણ બિમારીઓથી પિડાતા હતા. તેઓની કારકિર્દી મુંબઈમાં મજૂરનેતાથી થયેલ. દેશમાં કટોકટી વખતે તેમણે ઇન્દિરાગાંધીને પણ હંફાવ્યા હતા. તેઓ ક્રાંતિકારી નેતા હતા. તેઓ દેશમાં અન્ય પક્ષોના સાથ-સહકારથી ગઠબંધનની સરકારના જનક પણ ગણાય છે. તેઓ ભારતમાં ઉદ્યોગમંત્રી, રેલમંત્રી તથા રક્ષામંત્રી રહી ચૂક્યા હતા. કારગીલ યુદ્ધમાં

પણ તેમણે સૈનિકોનું મનોબળ વધાર્યું હતું. બાજપાઈ સાથે ડૉ. એ. પી. જે. અબ્દુલકલામની યોજના મુજબ પોખરણમાં અણુપરિક્ષણમાં તેઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ૨૯મી જાન્યુઆરી મંગળવારે પ્રાતઃ તેમનું નિધન થયું છે. તેમનો જન્મ ત્રીજી જૂન ૧૯૩૦માં થયો હતો.

## ગુજરાતના પ્રાથમિક શિક્ષણ વિભાગે 'પબજી' મોબાઈલ રમત પર પ્રતિબંધ મૂક્યો

દેશમાં પોકેમેન, બ્લૂ વ્હેલ પછી 'પબજી' મોબાઈલ રમતે બાળકોમાં આકર્ષણ જમાવ્યું છે. જેથી બાળકોના ભણતરમાં તથા માનસ પર વિપરિત અસરો જોવા મળી છે. આ 'પબજી'ની રમત બાળકો સમૂહમાં રમે છે. જેથી શાળામાં તેમની હાજરી ઘટી છે. અભ્યાસમાં પણ તેમનું ધ્યાન કેન્દ્રિત થતું નથી. વિશેષ કરીને પ્રાથમિક શાળાના કુમળી વયના બાળકો આ રમતનો શિકાર બને છે. ગુજરાતમાં બાળઅધિકાર આયોગે સરકારનું ધ્યાન દોર્યું છે. જેથી પ્રાથમિક વિભાગે શાળામાં મોબાઈલ પર પ્રતિબંધ તો મૂક્યો છે પણ સાથે સાથે શાળા બહાર પણ આ રમત રમતા બાળકો પર પ્રતિબંધ મૂક્યો છે. શિક્ષણ વિભાગે વાલીઓને પણ આ અંગે જાણ કરી છે કે જેથી તેમના સંતાન આ રમતના શિકાર ન બને.

## ઈસરોના વૈજ્ઞાનિકોએ સોલાર કેલક્યુલેટર બનાવ્યું

ઈલેક્ટ્રીક વિજળીના વિકલ્પ રૂપે હવે સૌરઉર્જા મહત્વની બની છે. હાલમાં વર્ષોથી થર્મલ, હાઈડ્રો તથા અણું ઉર્જાથી વિજળીનું ઉત્પાદન થતું હતું, પણ સમય જતાં આ પ્રક્રિયા નિષ્ફળ જવાના એંધાણ વર્તાય છે. જેથી વિદ્યુત ઉત્પાદનના ક્ષેત્રમાં સૌરઊર્જા (સૂર્યના કિરણોની શક્તિ)નો વિકલ્પ મહત્વનો બન્યો છે. હવે આ સૂર્યકિરણોની ઉપલબ્ધિ અર્થાત્ સૂર્યના કિરણો ક્યારે, કયા સ્થળે કેટલા પ્રમાણમાં મળી રહે તે પાયાની બાબત છે. ઋતુ તથા ભૌગોલિક સ્થિતિ આ માટે જવાબદાર છે. તેથી ક્યાં કેટલા પ્રમાણમાં આ સૂર્યઉર્જા - કિરણો મળે તેવી સોલર કંપનીઓની માગણી હતી. તેથી ઈસરોના વૈજ્ઞાનિકોએ આ પ્રશ્નનું સમાધાન કરવા સોલાર કેલક્યુલેટર બનાવ્યું છે. આ કેલક્યુલેટર મકાનના ધાબા પર કે મેદાનમાં કેટલા પ્રમાણમાં સૂર્યપ્રકાશ આવશે તેની જાણકારી આપે છે. જેથી બીનજરૂરી ખર્ચ તથા સમય બચાવી શકાશે - હાલમાં ગાંધીનગરમાં યોજાયેલ ગ્લોબલ ટ્રેડ શોમાં આ કેલક્યુલેટરનું નિદર્શન થયું છે.

## મેક ઈન ઇન્ડિયા અંતર્ગત સુરતમાં બનેલી કે-૯ ટેન્ક વજ્ર રાષ્ટ્રને સમર્પિત

દેશના સંરક્ષણક્ષેત્રમાં સૈનિકોને મદદરૂપ સંરક્ષણ હથિયારોમાં ટેન્ક મહત્વનું શસ્ત્ર છે. ટેકના તોપમારાથી દુશ્મનોનું મનોબળ તૂટે છે તથા તેમના અડ્ડાઓનો નાશ કરી શકાય છે. અત્યાર સુદી દેશમાં આવી ટેન્કોની આયાત થતી હતી. વિદેશની ટેકનોલોજી તથા કંપનીઓ પર નિર્ભર રહેવું પડતું હતું. પણ હવે વર્તમાન કેન્દ્ર સરકારના પ્રયત્નોથી સંરક્ષણ માટેના શસ્ત્રોને ભારતમાં જ બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ છે. આ અનુસંધાને ગુજરાતમાં સુરત ખાતે ખાનગી ક્ષેત્રની દેશની સૌથી મોટી ડિફેન્સ ફેક્ટરી લાર્સન અને ટુબ્રો દ્વારા સાડા ત્રણ વર્ષની મહેનત બાદ કે-૯ ટેન્ક વજ્રનું નિર્માણ થયું છે. પચાસ ટન વજનની આ વજ્ર ટેન્ક શૂન્ય રેડિયસમાં પણ વણાંક લે છે. આ ટેન્કને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રને સમર્પિત કરી છે.

## રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક રાષ્ટ્રને સમર્પિત

દેશની સ્વતંત્રતા-આઝાદી માટે અંગ્રેજો સામે ગાંધીજીએ કેટલાક દેશભક્તો સાથે દાંડીકૂચ નમકયાત્રા યોજી હતી. આ સંઘર્ષકથાને દેશની આવનાર પેઢી કાયમી યાદ રાખે તે માટે દાંડી ગામ ખાતે તે વેળાના ગાંધીજીના નમકયાત્રાઓ તથા ગાંદીજીની મીઠું ઉપાડતી પ્રતિમાઓ સાથે રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારકનું નિર્માણ થયું છે. આ સ્મારક સ્થાન પર સ્વાગતકેન્દ્ર, સોલક્રિસ્ટલ ટાવર, નમક સેનાનીઓની પ્રતિમાઓ, નમક બનાવવાનું કેન્દ્ર, સૌરવૃક્ષો, કૃત્રિમ તળાવ, નેરેટીવ મ્યુરલ્સ બનાવવામાં આવ્યા છે. તા. ૩૦ જાન્યુઆરીએ ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સ્મારકને રાષ્ટ્ર સમર્પિત કર્યું હતું. ભારતના સંસ્કૃતિક મંત્રાલયે દેશવિદેશના સ્થાપત્ય કૌશલ નિષ્ણાતો, એન્જિનિયર્સ તથા સૌરઉર્જા ટેકનિશીયનોની મદદથી આ ચિરસ્મરણીય સ્મારકનું નિર્માણ કર્યું છે. ભવિષ્યમાં ગુજરાતનું આ દાંડી સ્મારક પર્યટન સ્થળ બની રહેશે.

## ભારતની વસ્તી પ્રમાણે દર ૧૮૦૦ વ્યક્તિએ એક વકીલ-જસ્ટીસ શાસ્ત્રી

અમદાવાદની ગુજરાત લૉ સોસાયટી, યુનિવર્સિટી પ્રતિવર્ષ મૂટ કોર્ટ કોમ્પિટિશનનું આયોજન કરે છે. આ

વર્ષની સ્પર્ધામાં દેશની યુનિવર્સિટીના લૉના વિદ્યાર્થીઓની ૩૨ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નોયડાની ટીમને ફર્સ્ટપ્રાઈઝ રૂ. ૨ લાખ અને પચીસ હજારનું ઈનામ તથા બેંગલોરની ટીમને ૧ લાખ ૫૦ હજાર અને બાકીની ટીમને અન્ય કેટેગરીમાં પ્રાઇઝ અપાયા હતા. આ સ્પર્ધામાં ફાઈનલ જજ તરીકે લૉ કોલેજના ભૂતપૂર્વ સ્ટુડન્ટ અને જજ એવા આશુતોષ શાસ્ત્રી હતા. તેમણે આ સ્પર્ધામાં સૌને ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ભારતની વસ્તી પ્રમાણે આશરે દર ૧૮૦૦ વ્યક્તિઓએ એક વકીલનો રેસિયો છે. જ્યારે બ્રીટનમાં આ આંકડો ૩૦૦નો છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ આંકડો ભારતની વિશાળ સંખ્યાના પ્રમાણમાં ઘણો સારો છે. તેમણે લીગલ પ્રોફેશનલની ઈમ્પેક્ટ ઘણી સારી હોવાનું જણાવ્યું હતું. જેમાં ફ્રિડમ ફાઈટરથી માંડીને દેશના રાજકારણક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરનાર વકીલોની સંખ્યા પણ ઘણી હતી. આ સંદર્ભે વકીલાતમાં ગાંધીજી તથા સરદાર વલ્લભભાઈ પટેલનો પણ સમાવેશ છે.

## આગામી પાંચ વર્ષમાં શરીરના ૮૦ ટકા રોગોને નાથવા સ્ટેમ સેલ થેરાપી કારગત નીવડશે - ડૉ. આનંદ શ્રીવાસ્તવ

અમદાવાદમાં એએમએ ખાતે વિક્રમ સારાભાઈ મેમોરિયલ લેક્ચરનો ૪૦મો સંવાદ યોજાયો હતો. તેમાં વક્તા તરીકે ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટેમ સેલ થેરાપી એન્ડ રિસર્ચ કેલિફોર્નિયા, યુએસએના ડૉ. આનંદ સીવાસ્તવ હતા. 'ઇનોવેશન ઇન રિજનરેટિવ મેડિસિન' વિષય પર વ્યાખ્યાન આપતાં તેમણે સ્ટેમસેલ થેરાપીની વિસ્તૃત સમજ આપી હતી. તેમણે જણાવ્યું કે વ્યક્તિના પોતાના સ્ટેમ સેલથી પોતાના ડેમેજ સેલને ફરીથી જનરેટ કરી શકાય છે. જેના સ્ટેમ સેલ છે તેના પરિવારના સભ્યો માટે પણ મેચીંગને આધારે અર્થાત્ જૈવિક ગુણોની સમાનતા હોય તો ઉપયોગમાં લઈ શકાય છે. આ સેલથી પેરાલિસિસ, કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક અને સ્ટ્રોક જેવા ભયાનક જીવલેણ રોગોમાંથી મુક્તિ મળે છે. આવતા પાંચ વર્ષમાં આ સ્ટેમ સેલ થેરાપી કારગત નીવડશે અને શરીરના ૮૦ ટકા રોગોને નાથી શકાશે. મેટાબોલિક અને ન્યુરોલોજીના રોગો તો આ થેરાપીથી સંપૂર્ણ નિવારી શકાશે. ડૉ. આનંદ શ્રીવાસ્તવ ભારતીય મૂળના છે. જે છેલ્લા ૧૮ વર્ષથી અમેરિકામાં સ્ટેમ સેલ થેરાપીના નિષ્ણાંત તબીબી છે. તેઓ અમેરિકા તથા વિશ્વમાં આ થેરેપીના નિષ્ણાત ગણાય છે.

## દેશનો મીડિયા અને મનોરંજન ઉદ્યોગ ત્રણ વર્ષમાં રૂ. ૩.૭ લાખ કરોડને ઓળંગી જશે.

ભારતના મનોરંજન અને મીડિયા ઉદ્યોગે પણ ભારતના અર્થતંત્ર તથા આર્થિક વિકાસમાં મહત્વનો ફાળો આપવા માંડ્યો છે. એક આર્થિક સર્વેક્ષણ અહેવાલમાં આ ઉદ્યોગની આર્થિકક્ષેત્રની હરણફાળ જણાવી છે. દેશનું વિડિઓ એડિટીંગ માર્કેટનું કદ વધીને ૮૨.૩ કરોડ ડૉલર (રૂ. ૫૩૬૩ કરોડ) થયું છે. જે વિશ્વના ટોચના દસ બજારોમાં સામેલ થશે. દેશમાં વ્યક્તિઓ તથા વિવિધ સંસ્થાઓને જોડવામાં મનોરંજન ઉદ્યોગ મહત્વનો સાબિત થયો છે. આધુનિક આઈટી ઉપકરણો જેવા કે મોબાઈલ, લેપટોપ, ટીવી, ફિલ્મ, ડીવીડી, આધુનિક કેમેરા વગેરેમાં આ ઉદ્યોગે અનેક સંશોધનો કર્યા છે. પરિણામે દેશમાં તેમનું ઉત્પાદન થવા માંડ્યું છે. ફિલ્મ ઉદ્યોગે તો વિશ્વના દેશોમાં સારો એવો પગપેસારો કર્યો હોવાથી આર્થિકક્ષેત્રે ભારતને આયાત-નિર્યાતના ક્ષેત્રમાં મોટો નફો થવા માંડ્યો છે. આ ઉદ્યોગે દેશના યુવાનોને રોજગારી આપવામાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હોવાનું બહાર આવ્યું છે.

## શારીરિક તથા માનસિક તંદુરસ્તી માટે શાકાહાર મહત્વના છે - ભારતીય ક્રિકેટર-કપ્તાન વિરાટ કોહલી

ભારતીય ક્રિકેટર તથા કપ્તાન વિરાટ કોહલી તથા તેમના પત્ની અનુષ્કા શર્માએ શાકાહારને મહત્વ આપ્યું છે. તેમણે છેલ્લા ચાર-છ મહિનાથી માંસાહારનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે અને દેશ-વિદેશના પ્રવાસમાં સંપૂર્ણ શાકાહારને મહત્વ આપ્યું છે. તેમણે જણાવ્યું કે શરીરમાં ઉર્જા મેળવવા તથા ખેલકૂદમાં શક્તિ મળવવા માંસાહાર જરૂર છે તે મિથ્યા ભ્રમણ છે. છેલ્લા ઘણા સમયના વ્યક્તિગત અનુભવને આધારે આ દંપત્તિએ જણાવ્યું છે કે ક્રિકેટની રમતમાં અગાઉ કરતાં ઘણી સારી ક્ષમતા વધી છે. તેમણે જણાવ્યું કે માંસાહારથી વધુ શક્તિ મળતી નથી ઉલટાનું હિંસકતાનાં ગુણ માં વધારો થાય છે. માંસાહારથી વ્યક્તિ હિંસક બને છે. વિશ્વપ્રસિદ્ધ પહેલવાન ગામા મુસલમાન હોવા છતાં સંપૂર્ણ શાકાહારી હતા. ફિલ્મ ઉદ્યોગમાં પ્રસિદ્ધ અનુષ્કા શર્માએ પણ પતિના વિચારને અનુસરી માંસાહારનો સંપૂર્ણ ત્યાગ કરતા જણાવ્યું કે દૂધ, ઘી, બદામ વિવિધ ફળો તથા કુદરતી ખાદ્ય પદાર્થો જેવા કે શાકભાજી, કંદમૂળોમાં વિપુલ પ્રમાણમાં ઉર્જા-કેલરી રહી છે. જે વ્યક્તિને જરૂરી માનસિક તથા શારીરિક શક્તિ પૂરી પાડે છે. * * *